## આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર દ્વારા મકાઇ અને સીતાફળની પોષણક્ષમ મૂલ્યવર્ધિત બનાવટો વિષય ઉપર એક દિવસીય તાલીમ વર્ગ યોજાયો

---------------------------------------------------------------------------------------

આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર ખાતે ચાલતી આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર યોજના અંતર્ગત તારીખ **૨૧/૧૦/૨૦૨૨** ના રોજ **મકાઇ અને સીતાફળની પોષણક્ષમ મૂલ્યવર્ધિત બનાવટો** વિષય ઉપર એક દિવસીય તાલીમ વર્ગનું અયોજન કરવામાં આવેલ. આ તાલીમ વર્ગ ની શરૂઆતમાં કેન્દ્રના વડા **ડૉ.વાય.બી.ચૌહાણ** દ્વારા પ્રાસંગીક ઉદબોધન થકી કેન્દ્રની સંશોધન, વિસ્તરણ તેમજ દૈનિક આહારમાં પોષણનું મહત્વ વિશે મહિલા ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા. આ એક દિવસીય તાલીમ વર્ગમાં કાર્યક્રમની રૂપરેખા મુજબ **ડૉ.એકતા.એચ.પંડ્યા** દ્વારા મકાઇ અને સીતાફળની પોષણક્ષમ મૂલ્યવાર્ધિત બનાવટો વિષય ઉપર મહિલા ખેડુતોને માર્ગદર્શન આપવામાં આવ્યુ . વધુમાં આ તાલીમ અંતર્ગત મકાઇ અને સીતાફળની પોષણક્ષમની જુદી-જુદી બનાવટો જેવીકે સીતાફળની બાસુંદી અને મિલ્ક શેક, મકાઈનાં ઢેબરા, મકાઇ અને સરગવાના પાનના ઢેબરા, મકાઇનો કેવડો વગેરેનું પ્રયોગિકરૂપે બનાવીને માહિતગાર કરવામાં આવ્યા. આ સમગ્ર તાલીમ પ્રોગ્રામનું સંકલન **ડૉ.એકતા.એચ.પંડ્યા** અને **ડૉ.એચ.કે.દેસાઇ** દ્વારા કરવામાં આવેલ જે થકી તોયણી ગામની કુલ ૨૧ મહિલા ખેડૂતોએ ભાગ લીધેલ.




